# વરણની દૃષ્ટિથી પુષ્ટિમાર્ગીય-અધિકાર-વિચાર

- અસિત શાહ.

( તાજેતરમાં હાલોલમાં યોજાયેલ સેમિનારમાં પ્રસ્તુત )

પેપર

વરણ અને અધિકાર પૈકી આપણા માર્ગમાં વરણ શબ્દ આજકાલ ઓછો વપરાશમાં છે પરંતુ અધિકાર અને અધિકારી શબ્દ માર્ગમાં તથા કાનૂનમાં પણ વિવિધ અર્થોમાં પ્રયોજાય છે તેથી પહેલા તેનાથી શરૂઆત કરીએ. વાતને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવા એક દૃષ્ટાન્ત આપું તો કેટલાક વર્ષ પૂર્વે સુપ્રીમ કોર્ટમાં એક અનુયાયી દાવેદારે તેમના દીક્ષાદાતા ગુરુના સેવ્યસ્વરૂપ શ્રીઠાકોરજીની સેવામાં પોતાના સહિત જનતાનો હક પ્રસ્થાપિત કરવા એવી દલીલ કરી હતી કે તેને તે સ્વરૂપ સમક્ષ બ્રહ્મસંબંધ આપવામાં આવ્યું હોવાથી તે સ્વરૂપનો સેવાધિકાર મળે છે. આ બાબત વસ્તુસ્થિતિ સ્પષ્ટ કરવી તેથી આવશ્યક છે.

અધિકાર = હક કે યોગ્યતા? જ્યારે શ્રીગુસાંઈજી નવરત્નપ્રકાશમાં કહે છે કે નિવેદનદીક્ષા સાક્ષાત્સ્વરૂપસેવાધિકારસંપાદક છે, કે સિધ્ધાન્તરહસ્યકાર બ્રહ્મસંબંધદીક્ષાથી સર્વદોષનિવૃત્તિનું વિધાન કરે છે ત્યારે યોગ્યતાની જ વાત છે તે સ્પષ્ટ છે. નહીં તો અસમર્પિતત્યાગાદિ ઉપદેશો અનાવશ્યક થઈ જાય. વળી ભીડમાં હોલસેલમાં દીક્ષા લઈ ગદ્યમંત્રને ય ભૂલી જનારા સેવાયોગ્ય નથી હોતા તે આપણો સહુનો જાતઅનુભવ છે. આમ આપણે સમજ્યા કે પુષ્ટિમાર્ગમાં નિવેદનદીક્ષાથી મળતો સેવાધિકાર તે સેવા કરવાની યોગ્યતામાત્ર છે, કોલેજમાં પ્રવેશવા એસ.એસ.સી. પાસ કરવાથી મળતી યોગ્યતાની માફક.

યોગ્યતા વળી બે પ્રકારની હોઈ શકે: સ્વરૂપયોગ્યતા કે ફલમુખયોગ્યતા. જેમકે ગોટલીમાં કેરી પેદા કરવાની સ્વરૂપયોગ્યતા હોય છે જ્યારે કે એક સઘન આંબામાં ઉનાળામાં કેરી પેદા કરવાની ફલમુખયોગ્યતા હોય છે. તે પૈકી ''ફલમતઃ ઉપપત્તેઃ'' બ્રહ્મસૂત્રોક્તન્યાયે તથા ''ફલં વા હ્યધિકારો વા ન કાલોऽત્ર નિયામકઃ'' અને ''અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામકઃ ઇતિ સ્થિતિઃ'' તેમ જ ''આપાતતસ્તુ સર્વેષામ્ ઉપાયત્વં મયોદિતં વિષ્ણોઃ કૃપાવિશિષ્ટાનાં ફલં તત્ નાન્યથા ભવેદ્'' આદિ આચાર્યવચનોના આધારે કહી શકાય કે જન્મોજન્મની સાધનાના અંતે પણ ફલમુખયોગ્યતા તો સંપાદન ન પણ થાય. તેથી અહીં સ્વરૂપયોગ્યતાની જ વાત છે.

"એકોઽહં બહુસ્યાં પ્રજાયેય"ની ભગવદિચ્છાને અનુરૂપ વિવિધ નામ-રૂપ-ક્રિયાવાન જડ-જીવોમાં વિવિધ સ્વરૂપયોગ્યતા છે. ઘટમાં જલધારણની તો પટમાં આવરણની. તેમ જીવોમાં પણ પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા, દૈવી-આસુરી, વિષયી-મુમુક્ષુ-મુક્ત, વર્ણાશ્રમના ભેદે વગેરે કરીને સ્વરૂપયોગ્યતાનું વૈવિધ્ય છે. તેનો સ્રોત પરંતુ જીવોની વાડાબંધીની સંકુચિત મનોવૃત્તિ ન હોઈને રૂપનામવિભેદથી જગત્ક્રીડાની પ્રભુની રમણવૃત્તિ છે. પુષ્ટિમાર્ગ કે તેની દીક્ષા પણ તેથી જ, કોઈપણ અન્ય માર્ગની જેમ જ, સાર્વજનિક નથી, વૈશ્વિક નથી. આ તબક્કે હવે વરણને સમજવું જરૂરી છે.

વરણ = પસંદગી. વરણના પ્રકાર અને તેના અર્થ હવે "પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ"ગ્રંથને આધારે સમજીએ. સાથે જ પુષ્ટિજીવના સંદર્ભમાં તેનો વિશેષ વિચાર કરીએ. પ્રભુ લીલાના લેખક, દિગ્દર્શક તેમ જ નાયક પણ છે. લીલાના દરેક પાત્રને તેથી તેઓ લીલાવશાત્ છતાં આયોજનબધ્ધ રીતે ગૂંથે છે. (દરેક પાત્ર જેમ લેખકના સર્જન હોવાના અર્થમાં સમાન છે તેમ દરેક જડ-જીવ ભગવત્કાર્ય અને સાથે જ ભગવદ્રૂપ એવો ભગવદંશ હોવાથી સમાન જ છે.) પ્રથમ તો તેઓ જીવવરણ કરે છે: પુષ્ટિ / પ્રવાહ / મર્યાદા. તે તે વરણને અનુરૂપ આત્મરમણ / વિષયરમણ / વિહિતરમણનો ભાવ તે તે જીવોમાં તેઓ સ્થાપિત કરે છે જેને ભક્તિવર્ધિનીમાં શ્રીમહાપ્રભુજી "બીજભાવ" કહે છે. પછી આવે છે **માર્ગવરણ**. અનુક્રમે પ્રભુના સ્વરૂપથી નિયંત્રિત પુષ્ટિમાર્ગ, વાણીથી નિયંત્રિત વેદમાર્ગ અને મનથી નિયંત્રિત પ્રવાહમાર્ગમાં પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી જીવોનો નિવેશ થાય છે. એક ત્રિઅંકી નાટકમાં લેખક જેમ બધા પાત્રોનો પ્રવેશ પહેલા જ અંકમાં નથી કરાવી દેતો તેમ પ્રભુ પણ કયા જન્મમાં કયા જીવનો ઉધ્ધાર કરવો તેનું **જન્મવરણ** ત્યાર બાદ કરે છે. (શ્રીમહાપ્રભુજી એવા સદાશયથી ઉપદેશ કરે છે કે તે જેમનો આ અંતિમ જન્મ છે તેમના માટે છે!). પછી આવે છે **સાધનવરણ**; કયા સાધનથી જીવ પ્રભુને પામશે તેનું વરણ. આમ તો કૃપા જ સાધન છે પણ સાધકની દૃષ્ટિથી ભક્તિવર્ધિનીમાં સેવા-કથા / સેવા / કથાને કે પછી સર્વનિર્ણયનિબંધમાં જ્ઞાન-પ્રેમ / પ્રેમ / જ્ઞાનને સાધન કહેવાયા છે તેમ કહી શકાય. હકીકતે આ બધા વ્યાપાર છે જે કૃપાથકી ભક્તિ પ્રકટ કરવાનું માધ્યમ બને છે. આવા વ્યાપાર કે પછી કહેવા ખાતર સાધનના વરણને અનુરૂપ દૃઢ-અદૃઢ બીજભાવની કક્ષા, અવ્યાવૃત્ત-વ્યાવૃત્ત અધિકાર કે તન-મન-ધન-ગૃહ-



પરિવારની અનુકૂલતા / ઉદાસીનતા / પ્રતિકૂલતામૂલક ગૃહસ્થિતિ / ગૃહત્યાગને ભગવત્કૃતિસિધ્ધ અથવા જીવકૃતિસાધ્ય માની તેથી આગળ વધવા ભક્તિવર્ધિનીગ્રંથમાં ઉપદેશ અપાયો છે. પછી વાત આવે છે ફલવરણની. તેમાં ભૂતલપર તથા નિત્યલીલામાં મળતા ભક્તિ તેમ જ મુક્તિના વિવિધ અનુભવોને ગણાવી શકાય. તે સિવાય અવાન્તરફલ તરીકે સિધ્ધાન્તમુક્તાવલીમાં કહેલ સંસારદુઃખનિવૃત્તિ-બ્રહ્મબોધ, ચતુશ્લોકીમાં કહેલ ચતુર્વિધ પુરુષાર્થ, ભક્તિવર્ધિનીમાં કહેલ પ્રેમ-આસક્તિ-વ્યસન, નિરોધલક્ષણોક્ત સેવામાં સર્વેન્દ્રિયોનો ભગવન્નિરોધ-ગુણગાનમાં સુખપ્રાપ્તિ આદિને ગણાવી શકાય.

અહીં સુધી તો એવું લાગે કે પુષ્ટિમાર્ગમાં બધું ભગવાને જ કરવાનું છે તેમ આચાર્યચરણો ઉપદેશે છે અને પરવર્તી ગુરુ કે અનુયાયીએ કશું જોયા-વિચાર્યા-કર્યા વિના બધું આપ્યે-મેળવે જવાનું હોય છે. પણ તેવું નથી. "દેહદ્રોણ્યા પિપાસૂનાં પરં પારં ભવામ્બુધેઃ ગુરુણા કર્ણધારેણ ઉત્તાર્યાઃ સ્વોપદેશતઃ" આ સાધનદીપિકાકારના વચનને અનુરૂપ ગંભીરતાભર્યો ગતિનિર્દેશ આચાર્યચરણોના ઉપદેશગ્રંથોમાં જોવા મળે છે. હવે આપણે જોઈએ કે વરણના દરેક તબક્કે પરવર્તી ગુરુ તેમ જ અનુયાયીઓ માટે આ પુષ્ટિપથપર કેવા સુવિચારિત સ્પષ્ટ સરળ સાઈનબોર્ડો મુકાયેલા છે.

જીવવરણના તબક્કે પુષ્ટિજીવોના બે પ્રભેદ શુદ્ધપુષ્ટિ અને મિશ્રપુષ્ટિ સમજાવાયા છે. શુધ્ધપુષ્ટિજીવો તે પૈકી દુર્લભ પ્રેમયુક્ત અનુપદેશ્યકોટિના, મોટે ભાગે અવતારકાલીન જીવો હોઈ તેમના માટે માર્ગદર્શન નથી અપાયું. પરંતુ તે સિવાયના મિશ્રપુષ્ટિજીવોને દીક્ષા આપવા-લેવા બાબત સ્પષ્ટ કહ્યું છે કે "વિચાર્યૈવ સદા દેયં કૃપણનામવિશેષતઃ અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ". વિચાર શું કરવો તે ય કહેલ છે "કૃપાપરિજ્ઞાનં તુ માર્ગરુચ્યા અનુમીયતે" - માર્ગમાં રુચિ હોય તે જ જીવનું વરણ થયેલ જાણી તેને જ દીક્ષા આપવી. વરણમાં વૈવિધ્યવશાત્ પુષ્ટિપુષ્ટિજીવો સર્વજ્ઞ, મર્યાદાપુષ્ટિજીવો ભગવદ્ગુણજ્ઞ અને પ્રવાહપુષ્ટિજીવો ભગવદ્સંબંધીક્રિયારત હોય છે. સ્પષ્ટ છે કે દરેક આધુનિક દીક્ષિત જીવે બંધબેસતી પાઘડી માથે પહેરી પોતાને પ્રવાહપુષ્ટિ માની સ્વમાર્ગીય જ્ઞાન પ્રાપ્ત કરવાની તકલીફ પોતે ન લેવી અને ગુરુને પરિશ્રમ ન આપવો તેવું ક્યાંય કહેલ નથી. ઉલટાનું તેવી જિજ્ઞાસા ગુરુ પાસે પ્રકટ કરે તો જ તેને અધિકારી = યોગ્ય જાણી તેને દીક્ષા આપવી જોઈએ. વાર્તાઓમાં એવા સ્પષ્ટ દૃષ્ટાન્તો મળે જ છે કે પરિવાર વૈષ્ણવ હોય છતાં ય

પોતાના દિવ્ય સામર્થ્યથી તેને અનધિકારી જાણી કે પછી તે તે જીવના અયોગ્ય વર્તનથી અનુમાન કરી તેને દીક્ષા આપવાનું રદ કરાયું હોય કે મોકૂફ રખાયું હોય. દીક્ષાના સ્તરે આટલા સંયમ અને અનુશાસન ગુરુ તેમ જ અનુયાયીએ જાળવવા જ રહ્યા.

૮૪ વૈષ્ણવો દીક્ષા લઈ તરત પૂછતા કે હવે અમારું કર્તવ્ય શું? માર્ગવરણ પણ જો રુચિપૂર્વક નિષ્ઠાથી માર્ગપર સરખી રીતે ચાલી શકાતું હોય તો સિધ્ધ જ છે. પણ અહીં નિષ્ઠાનો અર્થ સાફસાફ છે; ''નિષ્ઠા ચ સાધનૈરેવ ન મનોરથવાર્તયા''. માર્ગમાં આવી ખાલી વાતોના વડાં કરનારાઓની કે પગારદાર / ભેટ-દક્ષિણાદાર કર્મચારી / ગુરુ-કથાકારોથકી સેવા-સ્મરણ કરાવી મિથ્યા સંતોષ માનનારાઓની ગતિ ''અયમેવ મહામોહો હીદમેવ પ્રતારણમ્ યત્કૃષ્ણં ન ભજેત્ પ્રાજ્ઞઃ શાસ્ત્રાભ્યાસપરઃ કૃતિઃ તેષાં કર્મવશાનાં હિ ભવ એવ ફલિષ્યતિ'' આચાર્યવચનમાં વર્ણવાઈ છે. આગળ વધવાનું સાઈનબોર્ડ છે ''યથા યથા હરિઃ કૃષ્ણઃ મનસ્યાવિશતે નિજે તથા તથા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે''. ઝડપભેર આગળ વધી શકો તો આ જન્મમાં જ તમારું વરણ માની આને અન્તિમ જન્મ જ જાણો. નહીં તો પછી ''કૃતભજનસ્ય વૈયર્થ્યાસમ્ભવાત્ ખંડશઃ ક્રિયમાણા ભક્તિઃ અન્તિમજન્મનિ ફલં જનયતિ''ન્યાયે ભક્ત્યનુકૂળ જન્મની કામના રાખતાં બને તેટલું ભજન કર્યે જાઓ. પણ તે ય માર્ગરીતિથી ભગવત્પ્રીતિથી, ન ભીતિથી કે ન વિપરીતિથી. માર્ગવરણનું એક સાઈનબોર્ડ તેથી પુષ્ટિપ્રવાહમર્યાદાગ્રંથમાં છે; ''યદા યસ્યાનુગૃહ્ણાતિ ભગવાન્ આત્મભાવિતઃ સ જહાતિ મતિં લોકે વેદે ચ પરિનિષ્ઠિતામ્''; આ માર્ગમાં વરણ થાય તેની લોક-વેદમાં રચીપચી રહેલ મતિ છૂટતી જાય છે. હૃદયપર હાથ મૂકી આપણે સ્વયં આ ચકાસીએ.

સાધનવરણ / વ્યાપારવરણ ઉપર જણાવ્યું તેમ અધિકારભેદે છે, ને અધિકાર સિધ્ધ / ટૂંકમાં સાધ્ય માની ભક્તિવર્ધિનીગ્રંથમાં ઉપદેશ અપાયેલ છે. તે પૈકી (૧) સેવામાટે ગૃહ-પરિવારાદિની અનુકૂળતા તથા તન-મન-ધનની અવ્યાકુલતા યથાશક્ય સિધ્ધ કરવી રહી. અડગ નિશ્ચયવાળા ૮૪-૨૫૨ પૈકીના અને પરવર્તી વૈષ્ણવો દીક્ષા લેતાં જ બહારના ખાનપાનાદિ તેમ જ ભજનપ્રતિકૂલ ઘર-પરિવારજનનો ય ક્ષણમાત્રમાં ત્યાગ કરી દેતા. સેવાનુષ્ઠાન શરૂ કરતા પહેલા તથા તે દરમ્યાન પણ સતત કઈ સાવધાનીઓ રાખવી તે સિધ્ધાન્તમુક્તાવલી, સિધ્ધાન્તરહસ્ય, સેવાફલ, શિક્ષાશ્લોકી તેમ જ સર્વનિર્ણયનિબન્ધના સાધનપ્રકરણમાં ઉપદેશેલ છે. અહીં સંક્ષેપમાં જણાવું તો તનુ-વિત્ત-ગૃહ-પરિવારાદિ સર્વ નિવેદિત પદાર્થોનો



ગૃહસેવામાં વિનિયોગ કરાવવાની અનિષિધ્ધ યથેષ્ટ સમર્પણરીતિ, લોકાર્થિતાનો ત્યાગ, શાસ્ત્રાવગાહનપૂર્વક બ્રહ્મવાદાનુસારી ભજનરીતિ, દેશકાલની પરિસ્થિતિજન્ય અને તેને જ અનુરૂપ પરંતુ સર્વથા બહિર્મુખતાસમ્પાદક એવા ધન-પ્રસિધ્ધિ-ચેલા / યજમાનભેગા કરવાની દિશાના સ્પર્ધાદિ લૌકિકભાવોનો ત્યાગ, વ્રજભક્તોના દિવ્ય નિરુપાધિક સ્નેહમય ભાવોના ભાવનપૂર્વક સેવન, લૌકિક ભોગ-ઉદ્વેગ-પ્રતિબન્ધનો ત્યાગ, અક્લિષ્ટ ઈષ્ટ વસ્તુઓનું સમર્પણ, એકાદશી-જયન્તીવ્રતાદિનું પાલન, વિક્ષેપ-અશક્તિ આદિ પરિસ્થિતિમાં સેવાત્યાગ, વગેરે.

(૨) સેવાના અનવસર / અભાવમાં ભગવદ્સ્મરણનો વ્યવસ્થિત ઉપદેશ અપાયેલ છે. આજે સ્મરણમાં જે કચાશ જોવા મળે છે તે આચાર્યચરણોને સર્વથા અનપેક્ષિત છે કેમકે ગાયના શિંગડાપર રાઈનો દાણો ટકે એટલી વારે ય સેવાસ્મરણાભાવ = આસુરાવેશ એવી દૃઢ માન્યતા તેઓની છે; ''નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ''. આ માટે શ્રીમહાપ્રભુજીના શ્રીસુબોધિનીજી, નિબન્ધ, શ્રીપુરુષોત્તમસહસ્રનામ, ત્રિવિધનામાવલી આદિ, શ્રીગુસાંઈજીરચિત ટિપ્પણીજી-સ્તોત્રો-પદો, શ્રીહરિરાયજી આદિ પરવર્તી આચાર્યો તથા અનુયાયી ભક્તકવિઓએ (પુષ્ટિજીવ હોવાનો ઠેકો આપણા માર્ગે લીધેલ નથી તે દર્શાવતા હરિદાસજી, હિતહરિવંશજી આદિના પદોનો ય આમાં સમાવેશ છે) રચેલ સ્તોત્રો-ગ્રંથો-ચમ્પૂકાવ્યો-કીર્તનો-ધોળ-પદોનો સંસ્કૃત-વ્રજ-ગુજરાતી ભાષામાં સમૃધ્ધ ભંડાર હોવા છતાં આધુનિક અનુયાયીઓ અને સ્વયં પ્રવચનકારો બહારવાળાઓનું સાંભળવા-ઓકવામાંથી ઊંચા નથી આવતા તે જોઈ ''પારસમણિનું પાત્ર લઈ ઘેર ઘેર ભિક્ષા માંગે'' એ દયારામભાઈની ઉક્તિ યાદ આવે છે. સંક્ષેપમાં સમાનશીલવ્યસનવાળા નિરપેક્ષ સાત્વિક નિરુપાધિક-કૃષ્ણરતિના ઉદ્‌બોધક સ્વમાર્ગીય ભગવદીયો અને / કે ગ્રંથ સાથે કેવલ ભગવત્પ્રીત્યર્થ અનવરત સંગ ભીડભાડરહિત માહોલમાં કરતા રહેવું એમ ઉપદેશેલ છે.

(૩) સેવાસ્મરણના અલ્પ / ચિરકાલીન અભાવમાં શરણભાવનનો ઉપદેશ વિવેકધૈર્યાશ્રયગ્રન્થમાં આપેલ છે તેને અનુસરવાનું છે. કોઈપણ સ્થિતિમાં નિષ્ક્રિય રહેવાનું તો નથી નથી ને નથી જ. નિઃસાધનતાનું ભાવન કરતાં કરતાં સાધનાભિમાનનો ત્યાગ કરીને ય સાધનો તો કર્યે જ જવાના છે અનવરત. ફક્ત વિશ્વાસ સાધનબલનો ન રાખી પ્રભુકૃપાનો રાખવાનો છે.

પૃથક્શરણમાર્ગની દીક્ષારૂપે નામમંત્રની દીક્ષા આપી-લઈ શકાય

છે અને તે માર્ગે ચાલી શકાય છે. પરંતુ આ પેપરનો વિષય પુષ્ટિમાર્ગપૂરતો સીમિત હોવાથી અહીં તેનો વિચાર નથી કરી રહ્યો. જોકે એટલું જરૂર કહેવા ચાહીશ કે આ શરણમાર્ગ સર્વાધિકારક હોઈ વ્યાપક પ્રચાર જ જો કરવો હોય તો બ્રહ્મસંબંધદીક્ષા તથા ભગવત્સેવા-કથાને સાર્વજનિક ભવાડા અને ઉપહાસને પાત્ર રસાભાસ ન બનાવતાં શરણદીક્ષા અને શરણોપદેશને જ જાહેરમાં પ્રાધાન્ય આપી શકાય.

ફલવરણ અને અવાન્તરફલવરણના સાઈનબોર્ડ આપણી ગાડી સીધી દિશામાં જઈ રહી છે તેનો સધિયારો આપે છે. સંસારાસક્તિ ધીરેધીરે છૂટતી જાય અને ભગવદાસક્તિ વધતી જાય તેનો અર્થ એ કે ભક્તિ વધતી જાય છે ને ભટકગતિ ઘટતી જાય છે. ઉપર જોયું તેમ ષોડશગ્રંથોમાં વિવિધ ફલ અને અવાન્તરફલ દર્શાવેલ છે, જે ભગવત્કૃપાથી મળે છે. તે પૈકી એકે ય ન મળે તો ય નુકસાન નથી ને "સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેત્ યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ" કહી શ્રીઆચાર્યચરણ આપણને આશ્વસ્ત કરે છે કે આજીવન આપે બતાવેલ સાધનરત રહ્યા તો ભાવનાશ નહીં થાય; ફલ મળવામાં કાળ કે અધિકાર નહીં પણ અનુગ્રહ જ નિયામક છે તેથી નિરાશ થયા વિના સાધનો કરતા રહો. તે સાથે જ પરંતુ આપણે સ્વયં ચકાસી જવું રહ્યું કે એકે ફલ ન મળવામાં આપણું સાધનાચરણ યથોપદિષ્ટ ન હોવું તો કારણ નથી ને. ભગવાનના મથુરાગમનનો પ્રસંગ વર્ણવતાં જાહેરમાં પોક મૂકી રડવામાં ને રડવામાં સમય વેડફી ઘરે શ્રીઠાકોરજી પધરાવી માથે બિરાજે તે સંયોગનો આનંદ માણવાનો અમૂલો અવસર એળે તો નથી જવા દઈ રહ્યા ને!

માર્ગ તો સુવ્યવસ્થિત છે પણ ક્લચ-બ્રેક-એક્સેલેરેટર આપણા હાથમાં છે! ૧૨૦ વચનામૃતકાર શ્રીગિરિધરજી મહારાજના શબ્દોમાં "બડેનને કાહૂ બાતકી કસર નાંહીં રાખી હૈ, પરન્તુ લોગનકી બડી કસર હૈ. તાસોં અહર્નિશ ચિન્તા બની આવે હૈ."

જો કે એક ટી.વી.સીરિયલનો ડાયલોગ છે પણ માર્મિક છે જેનાથી હું અંત કરું છું; દુનિયામાં ચાર પ્રકારના લોકો જીવતા હોય છે. એક એવા કે જે ભૂલો કરતાં જ નથી ને સીધા સડસડાટ ચાલ્યે જાય છે. બીજા એવા કે જે બીજાને ભૂલોનો ભોગ બનતા જોઈ તેમાંથી બોધપાઠ લઈ પોતે ભૂલ કર્યા વિના સીધા ચાલે છે. ત્રીજા એવા કે જે પોતે એકવાર ભૂલ કરી તેનો ભોગ બની તેમાંથી બોધપાઠ લઈ ફરી તે ભૂલ ન કરતાં સીધા ચાલે છે. ને ચોથા એવા કે



જે વારંવાર ભૂલ કરતા રહે છે ને પડતા રહે છે પણ સુધરવાનું નામ લેતા નથી ને આગળ વધી શકતા નથી. આપ સહુ પથિકો પુષ્ટિપથપર અગ્રેસર થાઓ એવી મારી શુભકામના. બુધ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ.

❋

## વિવેચન

સામાન્ય પુષ્ટિસંપ્રદાયાનુયાયીઓમાં એવી વ્યાપક ગેરસમજ પ્રવર્તે છે કે આપણે તો કૃપાનો માર્ગ એટલે જ્યારે કૃપા થશે ત્યારે અધિકારિતા=યોગ્યતા પ્રાપ્ત થશે અને આપણે સેવા-કથા કરી શકશું. ત્યાં સુધી નિષ્ક્રિય રહી રાહ જોતાં બેસી રહેવું; પ્રધાનમંડળમાં પોતાનો નંબર ક્યારે લાગશે તેની રાહ જોઈ બેસી રહેતા શાસકપક્ષના વિધાનસભ્યોની માફક. આ માટે "નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન યમેવૈષ વૃણુતે તેન લભ્ય" શ્રુતિને ઉધ્ધૃત કરાય છે. આવી માન્યતા વળી દીક્ષા આદિ બાબતે ભારે અવ્યવસ્થા ફેલાવી દે છે. આને પરન્તુ વરણની પ્રક્રિયાની સમજ આપી સહેલાઈથી દૂર કરી શકાય છે.

વરણની પ્રક્રિયા આપણે ત્યાં "પુષ્ટિપ્રવાહમર્યાદા"ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણે સમજાવી છે. ષોડશગ્રન્થમાં આ ગ્રન્થ કંઈક અપૂર્વ છે કેમકે એકમાત્ર તેમાં જ અનેક શાસ્ત્રવચનો ઉધ્ધૃત કરાયા છે: "યદા યસ્યેતિ, નાહં વેદૈઃ, દ્વૌ ભૂતસર્ગૌ" ઈત્યાદિ. અહીં જીવોના પ્રભેદ અને વરણનો ઉપદેશ જે અપાયેલ છે તે શાસ્ત્રોમાં ક્યાંય પણ આ શબ્દોમાં નથી અપાયો. પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા અને ચર્ષણી —આ શબ્દો શ્રીઆચાર્યચરણે જ આ અર્થમાં અહીં પહેલી વાર પ્રયોજ્યા છે. "સૂત્રાર્થો વર્ણ્યતે યત્ર પદૈઃ સૂત્રાનુસારિભિઃ સ્વપદાનિ ચ વર્ણ્યતે"ન્યાયથી ભાષ્યકારને એ છૂટ હોય છે કે પોતે પોતાના શબ્દો ઘડી તેના આધારે સૂત્રો-શાસ્ત્રવચનોનો અર્થ સમજાવી પછી તેવા સ્વરચિત શબ્દોનું વર્ણન કરે. શ્રીઆચાર્યચરણ પણ એક સમર્થ ભાષ્યકાર હોવાથી આ શૈલી આપે અહીં અપનાવી છે. તે સાથે જ અહીં આ પહેલવહેલું નિરૂપણ કર્યું હોવાથી ઉપર જણાવ્યું તેમ અહીં અનેક શાસ્ત્રવચનો પ્રમાણતયા ઉધ્ધૃત કર્યા છે.

સૌપ્રથમ જીવવરણ વિચારીએ તો તે સૃષ્ટિના આરંભે ચિદંશ જીવાત્માઓનું વ્યુચ્ચરણ થાય ત્યારે જ કરાય છે. પુષ્ટિ / પ્રવાહ / મર્યાદા

એવા જીવવરણને અનુરૂપ આત્મરમણ / વિષયરમણ / વિહિતસાધનરમણનો બીજભાવ પણ તે જ વખતે સ્થાપિત કરી દેવાય છે. આમ ભગવદ્ભજનની અધિકારિતા / યોગ્યતા દૈવી જીવોમાં વ્યુચ્ચરણ વખતથી જ હોય છે; કોઈ ૨૯ એપ્રિલ '૦૧ના દિવસે સવારે ૧૧ વાગે પ્રભુ કૃપા કરી નવી સપ્લાય નથી કરવાના! શ્રીઆચાર્યચરણ તેથી જ "ભક્તિવર્ધિની"ગ્રન્થમાં ભક્તિની ઉત્પત્તિ કે પ્રાપ્તિના ઉપાયો ન બતાવતા ભક્તિના બીજભાવને દઢ કરી તેને વૃધ્ધિંગત કરવાના જ કેવલ ઉપાયો દર્શાવે છે.

આ બીજભાવ હોવાનું અનુમાન માર્ગરુચિના આધારે કરી શકાય એમ શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે. 'માર્ગરુચિ' શબ્દ ઘસાયેલા સિક્કાની જેમ બહુ હળવાશથી પ્રયોજાય છે પરન્તુ તે આપણી સાધનામાં અગત્યનો ભાગ ભજવે છે. ૮૪ વૈષ્ણવોની વાર્તાના આધારે તેનું ભગવદ્રુચિથી પાર્થક્ય સમજવાનો પ્રયાસ કરીએ. અહીં જોકે એક ખુલાસો કરી દઉં કે આમાંના ઘણા પ્રસંગો એવા ભગવદીયોના છે કે જેમનામાં માર્ગરુચિ અને ભગવદ્રુચિ બંને ભરપૂર છે. પરન્તુ બે ગુણ એક વ્યક્તિમાં એકસાથે વિદ્યમાન હોય તેથી કાંઈ તેમને એક ન માની લેવાય. જેમ શ્રીશુકદેવજી જ્ઞાની અને ભક્ત બન્ને છે તો તેથી કાંઈ જ્ઞાની હોવું અને ભક્ત હોવું એ બે ગુણો એક નથી બની જતા. તેમજ શ્રીવાજપેયી રાજકરણી અને કવિ બન્ને છે તો રાજકારણી હોવું અને કવિ હોવું બન્ને એક ગુણ નથી થઈ જતા. આટલું ધ્યાનમાં રાખીએ તો આગળ કોઈ મૂંઝવણ નહીં થાય.

સૌપ્રથમ માર્ગરુચિની પરાકાષ્ઠાના પ્રસંગો જોઈએ. ગોપાલદાસ જટાધારીની વાર્તામાં આવે છે કે તેમને શ્રીઆચાર્યચરણે શ્રીઠાકોરજીને આરોગાવવાના પાનને શીતલ કરવા રાતભર તેને ભીના વસ્ત્ર પર ઢાંકી પંખો કરવાની સેવા સોંપી. મધરાતે શ્રીઆચાર્યચરણ જોવા પધાર્યા તો તેઓ ઊંઘનું ઝોકું આવતું હોવા છતાં પંખો કરી રહ્યા હતા! આવું જાગૃતાવસ્થામાં તો ભગવદ્રુચિથી સંભવે પણ નિદ્રામાં તો સેવારુચિરૂપા માર્ગરુચિથી જ સંભવી શકે. આગળ તેમને જ શ્રીઆચાર્યચરણે અનોસરમાં આંખો મીંચી શ્રીજીને પંખો કરવાની સેવા સોંપી તો "સેવાકૃતિર્ગુરોરાજ્ઞા"ન્યાયે તેઓએ તે જ રીતે કલાકો સુધી જીવસહજ શારીરિક મર્યાદાઓ પર કાબૂ રાખી તે સેવા કરી. જો આ પાછળનું ચાલકબળ કેવળ ભગવદ્રુચિ હોત તો તેઓ આંખો ખોલવાની લાલચને વશ થઈ ગયા હોત. પણ પ્રબળ માર્ગરુચિ હોવાથી તેઓએ તેમ ન કરતાં આંખો બંધ જ રાખી રુચિથી તે સેવા કરી જાણી.



તે પછી કુંભનદાસજીનો એક વાર્તાપ્રસંગ જોઈએ. શ્રીજી તેમની સન્મુખ રમી રહ્યા હતા અને ઉત્થાપનનો સમય થયો તો તેઓ શ્રીગિરિરાજજી ભણી ચાલવા લાગ્યા. શ્રીજીએ કહ્યું કે હું તો અહીં છું! ત્યારે તેમણે જવાબ આપ્યો કે અહીં દર્શન આપી રહ્યા છો તે ત્યાં બિરાજી મારી સેવા અંગીકાર કરો છો તેના પ્રતાપે. તેથી ત્યાં ગયા વિના તો નહીં ચાલે. જો કેવળ ભગવદ્રુચિ હોત તો તેઓ ત્યાં જ રહેત, પણ પોતાની કીર્તનસેવામાં તેમને દઢ રુચિ હોવાથી તેમણે પ્રયાણ આદર્યું.

કાશીસ્થ સેઠ પુરુષોત્તમદાસની બેટી રુક્મિણીને ૨૪ વર્ષે ગંગાસ્નાનાર્થ આવેલ નિહાળી શ્રીગુસાંઈજીએ તેમને બિરદાવતાં કહ્યું કે આ ભગવત્સેવામાં એવી મગ્ન છે કે ગંગાસ્નાનની ફુરસદ નથી. આ વિધાન સેવારુચિરૂપા માર્ગરુચિની દઢતાને અભિવ્યક્ત કરે છે.

આ જ રીતે કથામાં રુચિનો પ્રસંગ જોઈએ તો દિનકર સેઠ ક્ષત્રી કથા થોડી પણ ન છૂટે તે માટે કાચી રોટલી જલ સાથે ગળે ઉતારી ઝડપથી સાંભળવા પહોંચી ગયા, જ્યારે તેમણે જાણ્યું કે શ્રીઆચાર્યચરણ કથાનો આરંભ કરવા જઈ રહ્યા છે.

આ પરાકાષ્ઠાના પ્રસંગો પછી બે પ્રસંગો પાર્થક્યના જોઈએ. ગોવિન્દ દૂબેને રાજલીલાનાયક શ્રીરણછોડરાયજીના સ્વરૂપમાં = ભગવદ્રુચિ હતી પરન્તુ સેવા-કથામાં = માર્ગરુચિ ન હતી એમ ભાવપ્રકાશના અવગાહનથી જણાય છે. સેવામાં વ્રજલીલાની ભાવના કરવાનું તેમની રુચિને અનુરૂપ ન હોવાથી અને કથામાં શ્રીરણછોડરાયજી સ્વયં તેમની સાથે વાતો કરી તેમને સાંભળવા ન દેતા હોવાથી તેમની એકે ય માં રુચિ ન રહી અને ચિત્તમાં ઉદ્વેગ રહેતો. તેના નિવારણ માટે શ્રીઆચાર્યચરણે "નવરત્ન"ગ્રન્થની રચના કરી. પોતાના સેવકમાં માર્ગરુચિનો અભાવ શ્રીઆચાર્યચરણને આટલા ચિંતિત કરે છે! માર્ગરુચિના અભાવમાં પણ ઉદ્વેગને ભગવલ્લીલા જાણી, હરીચ્છાવશાત્ ગુરુની આજ્ઞાનુસાર સેવા ન કરી શકવા છતાં, પ્રભુ લૌકિક ગતિ નહીં કરે એવો વિશ્વાસ રાખી કેવળ ભગવદ્રુચિના આશ્રયે તેમની નાવ પાર ગઈ.

ગોવિન્દદાસ ભલ્લાનો કિસ્સો, આથી વિપરીત, ભગવદ્રુચિરહિત માર્ગરુચિનો છે. જ્યારે તેમણે શ્રીજીની સેવા છોડ્યા બાદ શ્રીકેશોરાયજીની સેવા ઈજારે લીધી ત્યારના પ્રસંગમાં શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે તેઓ દૈવી હોવાથી સેવા કર્યા વિના રહી ન શકતા હોવાથી આમ કર્યું. તેમની માર્ગરુચિ સેવામાં દઢ આસક્તિમાં વિકસિત થવાને ઠેકાણે

અત્યાગ્રહપ્રવેશનો ભોગ બની. સર્વનિર્ણયનિબન્ધમાં ''વિક્ષેપાદથવાશક્ત્યા પ્રતિબન્ધાદપિ ક્વચિત્ અત્યાગ્રહપ્રવેશે...''કારિકાના પ્રકાશમાં સેવા કઈ સ્થિતિમાં ત્યાજ્ય બની રહે છે તે સમજાવતાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે ''યેન તમસિ પ્રવિષ્ટં ચિત્તં ભગવન્તમેવ ન સ્મરતિ''. અર્થાત્ અત્યાગ્રહપ્રવેશ થતાં તેઓનું ચિત્ત તેમના ઉત્તમકુલમદ અને કષ્ટપ્રદસેવામદમાં જ એટલું રમમાણ થઈ ગયું કે સેવ્ય શ્રીજીનું જ તેમને સ્મરણ ન રહ્યું. આથી તેમની માર્ગરુચિ પણ કુણ્ઠિત થઈ ગઈ અને ભગવદ્રુચિ પણ. પરન્તુ સેવારુચિરૂપા માર્ગરુચિ હતી જરૂર.

એક શ્રીગુસાંઈજીનો પ્રસંગ જોઈએ તો આપે બે ભાઈઓ પૈકી વિરક્ત ભાઈને સેવા ન પધરાવી આપી પણ ભોજનમાં રુચિ ધરાવનાર ભાઈને પધરાવી આપી. એવું ન સંભવે કે વિરક્તને ભગવદ્રુચિ ન હોય, પરન્તુ વિરક્તિની તુલનામાં ભોજનમાં રુચિને પ્રભુને ભોગ ધરવાના સેવામાર્ગમાં રુચિના રૂપમાં સહેલાઈથી રૂપાંતરિત કરી શકાય.

માર્ગરુચિ અને ભગવદ્રુચિનું પાર્થક્ય સમજ્યા પછી હવે તેમનું સ્વરૂપ, અવસ્થાઓ, સંબંધ અને ઉપદેશ ક્યાં છે તે સમજીએ.

માર્ગમાં રુચિ એટલે માર્ગની વાતોના વડા કરવામાં કે મનના ઘોડા તે દિશામાં દોડાવવામાં રુચિ નહીં પરન્તુ માર્ગીય સાધનો સેવા-કથા-શરણમાં રુચિ. તેનો વિકાસ થતાં માર્ગમાં નિષ્ઠા = સુસ્થિતિ થાય અને તેથી આગળ વધતાં તે સાધનોમાં દૃઢ આસક્તિ થાય. ભક્તિવર્ધિનીમાં આવા જીવને બિરદાવતાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે ''સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્ યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપિ''.

ભગવાનમાં રુચિનો વિકાસ થતાં તે ક્રમશઃ પ્રેમ-આસક્તિ-વ્યસનાદિના સોપાનો સર કરે છે, જે ભક્તિવર્ધિનીમાં દર્શાવેલ છે.

પુષ્ટિસાધકની ગાડીના બેટરી-ડાયનેમો જો માર્ગરુચિ હોય તો ભગવદ્રુચિ એન્જિન છે. પુષ્ટિભક્ત્યવિકારવિવેકમાં શ્રીલાલૂભટ્ટજી તેમનો સંબંધ સમજાવે છે કે શરૂઆતમાં માર્ગરુચિ હોય તો તેને કારણે ભગવદ્રુચિ ક્રમશઃ પરોક્ષરુચિ અને અપરોક્ષરુચિની અવસ્થાઓ પ્રાપ્ત કરી પ્રેમ-આસક્તિ-વ્યસન-સર્વાત્મભાવ પર્યન્તના સોપાનો સર કરતી જાય છે. તે સાથે જ શ્રીઆચાર્યચરણ નિબન્ધમાં આજ્ઞા કરે છે કે ''યથા યથા હરિઃ કૃષ્ણઃ મનસ્યાવિશતે નિજે તથા તથા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે''. આમ ભગવદ્રુચિને કારણે માર્ગરુચિ પણ વધતી જાય છે. પ્રિયતમના સેવા-ગુણગાનમાં ક્યા પ્રેમીને રુચિ ન વધે?! તેથી આ બે રુચિઓ વચ્ચે સૂક્ષ્મ ભેદ



છે પણ અછેદ્ય દીવાલ નથી એમ સમજવું. શિક્ષાશ્લોકીમાં શ્રીઆચાર્યચરણ ''સેવ્ય સ એવ ગોપીશઃ'' કહી બન્ને રુચિપર ભાર આપે છે. તેમ જ સિધ્ધાન્તમુક્તાવલીમાં ''ભક્ત્યભાવે તુ તીરસ્થો... નશ્યતિ'' કહી ભગવદ્રુચિની અનિવાર્યતા સૂચવે છે. ભગવદ્રુચિનું માહાત્મ્ય વધારે હોવાથી માર્ગરુચિ ન હોય તો ય ગાડું ગબડશે, પરન્તુ તે ગમે તે દિશામાં ગબડશે, સડસડાટ દોડશે કે ચાલશે નહીં. તેથી માર્ગરુચિ પણ આવશ્યક છે.

ભેદ જો આવો લચીલો ને સૂક્ષ્મ હોય તો તેવો ભેદ પાડવાની મથામણની શી આવશ્યકતા? તો સમજવાનું એ કે આ ભેદ સમજતા નથી તેથી જ માર્ગનો પ્રસાર આજે ઘટતો જાય છે. આપણા જાહેર સેવા-કથાના આયોજનો અપરિપક્વ ભગવદ્રુચિને જ બગાડનારા છે; માર્ગરુચિને તેમાં લક્ષમાં જ નથી લેવાતી. જેમ વિવાહયોગ્ય વયસ્ક કન્યા / પુત્ર વિવાહોત્સુક થાય તે માટે તેને દામ્પત્યજીવનની ખાટીમીઠી મજા જણાવવી જરૂરી છે; યુવા અભિનેતા / અભિનેત્રીઓના ઉત્તેજક અચલ / ચલચિત્રો દર્શાવવા નહીં. કેમકે તો જ તેમનામાં સ્વસ્થ ટકાઉ દામ્પત્યજીવનરુચિ વિકસે. નહીં તો તો વિજાતીયરુચિના આવેગનો ક્ષણિક ઉભરો જ આવે, જે લગ્નના પ્રારંભના વર્ષોમાં જ શમી જતાં પછી બંધન લાગવા મંડે. દામ્પત્યજીવન અને પારિવારિકજીવનમાં રુચિને કારણે જ આપણે ત્યાંના લગ્નો પશ્ચિમમાં થતાં લગ્નો કરતાં વધારે લાંબા ટકી રહે છે. જ્યારે પ્રસિધ્ધ અભિનેતા / ક્રિકેટર નિષ્ફળ જતાં તેમને અળખામણા બનતા વાર નથી લાગતી. જૈન, સ્વામીનારાયણ આદિ સંપ્રદાયોની સાંસારિકજીવનત્યાગપૂર્વકની કઠોર દીક્ષા પણ તેમના અનુયાયીઓ કેવળ આ માર્ગરુચિને કારણે હોંશે હોંશે લે છે, જ્યારે માર્ગરુચિના અભાવમાં આપણી ઘરબાર છોડ્યા વિના વધુમાં વધુ દિવસના ૬ કલાક રસાત્મક પ્રભુના સેવા-સ્મરણમાં ગાળવાની બ્રહ્મસંબંધદીક્ષા લોકો ક્રમને લઈ આચરણની વાત આવે ત્યારે આઘાપાછા થઈ જાય છે. આપણી પાસે નવાગન્તુકો / ઉત્સુકોમાં માર્ગરુચિ વિકસાવવાનો કોઈ પ્રોગ્રામ જ નથી. ગૃહસ્તરે આપણે યુવાનોને સેવાથી આઘા અને તેમની જિજ્ઞાસાને અનુત્તરિત રાખીએ છીએ તો જાહેરમાં ઉપરોક્ત પ્રકારના આયોજનો જ કરીએ છીએ. છોકરો કહે કે હું સેવા નહીં કરું તો આપણે તેને હવેલી / ઘરમાં કેવળ દર્શન કરતો કરી દઈ સંતોષ માની લઈએ છીએ. જો તે ઉત્સાહથી સેવા કરવા મંડે તો તે કમાશે કેવી રીતે તેની આપણને ચિન્તા થઈ જાય છે! પણ ''ન માનતો'' છોકરો

ય જો એમ કહે કે મારે પરણવું જ નથી તો આપણે આકુળવ્યાકુળ થઈ ચાર જાણને તેને સમજાવવા જોતરી દઈએ છીએ! છપ્પનભોગના કે નિત્યના દરશનમાં કે નાથદ્વારામાં કે સાપ્તાહિક કથામાં અનેક અન્યમાર્ગીયો પણ જો સમ્મિલિત થાય તો આપણામાં કરુણા ઉભરાઈ આવે છે કે છો ને આવતા, ભગવદ્રુચિ હશે ત્યારે આવતા હશે ને! પછી એકના એક આયોજનોથી બોર થઈ ક્યારેક લોકો ધાર્યાના અડધા ય ન આવે ત્યારે આપણને થાય કે હવે તો ઘોર કળિયુગ આવી ગયો! યુવાપેઢી પૈસા પાછળ જ આંધળી દોટ મૂકે છે! એના કરતાં માર્ગરુચિને વિકસાવતા આયોજનો કરીએ તો? ભક્તિમાર્ગીય જીવનની ખાટીમીઠી વર્ણવતા ૮૪-૨૫૨ વૈષ્ણવોના વાર્તાપ્રસંગો યુવાપેઢીને વંચાવીએ તો? સાંપ્રદાયિક ગ્રંથો તેમને કોચિંગ ક્લાસની પધ્ધતિથી ભણાવીએ તો?

ખેર. તે પછીના માર્ગવરણ અને જન્મવરણ પણ જીવના વ્યુચ્ચરણ વખતે જ પ્રભુ કરી દે છે. પુષ્ટિજીવના સંદર્ભમાં શ્રીઆચાર્યચરણ એવી આજ્ઞા કરે છે કે તેનો અંતિમ જન્મ હોય ત્યારે તે આપણા સંપ્રદાયમાં આવે છે. અર્થાત્ અંતિમ જન્મમાં સાધન/વ્યાપારના આચરણ થકી ફલ પ્રાપ્ત કરવાની યોગ્યતા પુષ્ટિજીવમાં આવે છે.

સાધન અને વ્યાપારને દૃષ્ટાન્તથી સમજીએ. જેમ એક ઘડો પેદા કરવાની સર્વ કારણસામગ્રી— કુંભાર, માટી, ચાક, ડંડો, આદિ— એકત્ર મોજૂદ હોય પણ તેમાંની કોઈ સક્રિય = એક્ટિવ = વ્યાપારિત ન થાય તો ઘડો પેદા થઈ શકતો નથી. તેમ સાધનરૂપા પ્રભુકૃપા પણ જો સેવા-કથા આદિ ક્રિયાકલાપો = વ્યાપારરૂપે અનવતારકાલીન મિશ્રપુષ્ટિજીવોમાં પ્રકટ ન થાય તો ફલ પ્રકટ કરતી નથી. તેથી વ્યાપારસ્થાનીય સેવા-કથા આવશ્યક છે. કહેવા ખાતર તેમને સાધન પણ કહી શકાય.

તે પૈકી સેવા બાબત તો શ્રીઆચાર્યચરણ અહીં જ સ્પષ્ટ આજ્ઞા કરે છે કે "ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્". શ્રીગુસાંઈજી પણ પુષ્ટિસૃષ્ટિ અને શ્રીઆચાર્યચરણના પ્રાકટ્યનું પ્રયોજન સમજાવતાં આજ્ઞા કરે છે: "ઘોષાધીશં તદેમે કથમપિ મનુજા પ્રાપ્નુયુર્નૈવ દૈવીસૃષ્ટિર્વ્યર્થા ચ ભૂયાન્નિજફલરહિતા". હવે જો આપણે ભગવત્સેવા નથી કરતા તો આપણું અને શ્રીઆચાર્યચરણનું પ્રાકટ્ય વ્યર્થ છે. પરન્તુ ગયા ૫૦૦ વર્ષમાં અનેક જીવો સેવા કરી પાર ઉતર્યા હોવાથી શ્રીઆચાર્યચરણનું પ્રાકટ્ય તો વ્યર્થ નથી ગયું. તેથી જો આપણે સેવા ન કરીએ તો આપણે જ માત્ર નકામા સિધ્ધ થઈએ છીએ.



કથાની વાત કરીએ તો આજે જે પ્રચલિત પ્રકાર છે તે નવો ચાલી નિકળેલ છે, પરંપરાપ્રાપ્ત નથી. ભક્તિવર્ધિનીગ્રન્થમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે "બીજભાવે દૃઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણકીર્તનાત્". અહીં 'શ્રવણકીર્તનાભ્યાં' એમ દ્વિવચન ન કહેતાં 'શ્રવણકીર્તનાત્' એકવચન કહ્યું તેનો આશય સમજાવતાં ટીકાકારો કહે છે કે અહીં શ્રીઆચાર્યચરણને શ્રવણ અને કીર્તનનો એકવદ્ભાવ અપેક્ષિત છે. તેથી રામરાવણ = રામ અને રાવણ એવો ઈતરેતરદ્વન્દ્વસમાસ ન વાપરતા દંપતિ = પતિ અને પત્ની એવો એકવદ્ભાવદ્વન્દ્વસમાસ વાપરી એકવચન કહ્યું. જેમ સિધ્ધાન્તમુક્તાવલીમાં "ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિધ્ધ્યૈ તનુવિત્તજા" કહ્યું; 'તનુવિત્તજે' દ્વિવચન ન કહ્યું. આ જ વાત સમજવાની છે કે જેમ પતિ-પત્ની બે ન રહી તેમની એક ટીમ બને છે તેમ શ્રવણ-કીર્તન નોખા ન હોઈને તેમની એક બેલડી છે, જોડી છે, એકકર્તૃકતા છે.

જેમ સેવાના તનુજા અને વિત્તજામાં ભાગલા એ સંપ્રદાયમાં મોટી દુર્ઘટના છે તેમ કથા-ગુણગાનના શ્રવણ અને કીર્તનમાં ભાગલા પણ એટલી જ મોટી દુર્ઘટના છે. આપણી પ્રાચીન પરંપરા કોરા શ્રવણ ને કોરા કીર્તનની નથી રહી. શ્રીઆચાર્યચરણે સૂરદાસજી-પરમાનંદદાસજીને શ્રીભાગવતાનુક્રમણિકા કહી તો સામે સૂરસાગર અને પરમાનંદસાગર પ્રકટ થયા. પરમાનંદદાસ તો તેમના અડેલવાસ અને સહપ્રવાસ દરમ્યાન રોજ શ્રીઆચાર્યચરણ જે કથાપ્રસંગ કહેતા તેના "ચરણકમલ વંદૌં જગદીશ" આદિ કીર્તનો કરી શ્રીઆચાર્યચરણને સંભળાવતા. શ્રીઆચાર્યચરણ પણ તેઓના કીર્તન ચૂપચાપ શ્રવણ ન કરતાં "ભલી યહ ખેલવેકી બાનિ" કે "સુનિ સૂર સબનકી યહ ગતિ જે હરિચરણ ભજે" જેવી ટકોર પણ કરી લેતા. શ્રીગુસાંઈજીએ તેઓને "પ્રેંખપર્યંકશયનં" અને "મંગલં મંગલં વ્રજભુવિર્મંગલં" કીર્તન શીખવાડ્યા તો તેઓએ તે જ ભાવના વ્રજભાષામાં અનેક કીર્તનો રચ્યા. કુંભનદાસજીએ "વે દેખો બરત" કીર્તનની એક તૂક ગાઈ તો તેમના પુત્ર ચતુર્ભુજદાસજીએ બીજી તૂક "સુંદર વદન" ગાઈ. ગોવિન્દસ્વામીની ધમાર "શ્રીગોવર્ધનરાયલાલા"ની અંતિમ તૂક શ્રીગુસાંઈજીએ રચી તો રાઘોદાસની "એ ચલ જાય જહાં હરિ ખેલત" ધમાર ગાતા ગાતા દેહ છૂટી ગઈ તો તેમની બેટીએ છેલ્લી તૂક જોડી ધમાર પૂરી કરી. શ્રીઆચાર્યચરણે દામોદરદાસજી અને કન્હૈયાશાલ ક્ષત્રીને ગ્રન્થો ભણાવ્યા તો તેમણે શ્રીગુસાંઈજીને ભણાવ્યા. શ્રીગુસાંઈજી નિખાલસતાથી કહે છે કે મેં "શૃંગારરસમંડન" ગ્રન્થની રચના દામોદરદાસ અને ચાચા હરિવંશજીની સહાયથી કરી છે. લેખવાળા

શ્રીપુરુષોત્તમજીનો એક પ્રસંગ આવે છે કે એકવાર તેમને શ્રીસુબોધિનીજીની એક પંક્તિ નહોતી લાગતી ને કથા અટકી પડી ત્યારે એક ડોકરીએ ઊભા થઈ કહ્યું કે રાજ આપ આજ્ઞા કરો તો મેં શ્રીહરિરાયજીના મુખે આ પંક્તિનો જે અર્થ સાંભળેલ તે કહું. અને આપે આજ્ઞા આપતાં તે ડોકરીએ અર્થ કહ્યો જેનાથી આપને પણ સમાધાન થયું. આ સંદર્ભમાં પરાકાષ્ઠાનો પ્રસંગ શ્રીહરિરાયજીનો છે. એક વખત આપની કથા સાંભળી ઘેર જતાં શ્રોતા વૈષ્ણવો રસોન્મત્ત થઈ મોડી રાત્રે શેરીમાં જ નાચતા નાચતા કીર્તન કરવા લાગ્યા. શ્રીહરિરાયજીને ખબર મળતાં આપ ત્યાં સ્વયં પધાર્યા અને તેમની દશા જોઈ ભાવવિભોર બની "હોં વારી ઈન વલ્લભીયનપર" કીર્તન ગાઈ ઊઠ્યા! ટીમસ્પીરિટ વગર કોઈ વક્તાને પોતાના શ્રોતાઓમાં આવો ભાવ જાગી શકે ખરો?

આધુનિકકાલમાં પણ કોટાવાળા શ્રીપુરુષોત્તમલાલજી પરદેશમાં જ્યાં જીવોને શરણે લેતા ત્યાં વાર્તા-શિક્ષાપત્રના વાંચનનો નિત્યનિયમ લેવડાવતા અને પાછા પધારી દર ૧૫-૨૦ દિવસે પોસ્ટકાર્ડ લખી પ્રગતિનો અહેવાલ મંગાવતા. સુરતવાળા શ્રીગોવિન્દરાયજી ભગવદીયવાર્તાસપ્તાહનું આયોજન કરતા.

આજે વૈષ્ણવોને પરન્તુ કોરા શ્રોતા બની કહેવાતા સ્વમાર્ગીય કે અન્યમાર્ગીય વક્તાઓના મુખેથી ભાગવતસપ્તાહો સાંભળવાનો ચસકો લાગ્યો છે; નિત્યનિયમથી પોતે મંડળીમાં શ્રવણકીર્તન નથી કરતા. આમાં શું ભક્તિભાવ વધે? કોઈ એમ કહે કે પરંપરાથી ભલે શ્રવણ-કીર્તનના ભાગલા ન પાડવામાં આવ્યા હોય પણ આજે પાડીને કોરું શ્રવણ ને કોરું કીર્તન કરીએ તો શું નુકસાન? પણ નુકસાન છે. કોરું શ્રવણ કરવાથી ધીરેધીરે શ્રોતાઓની કથામાં સમજ અને તેથી રુચિ ઘટતાં જાય છે. આયોજક વળી શ્રોતાઓ હોવાથી તેઓ વક્તાને તેમના હલકા સ્તરને અનુરૂપ કથા કરવા આગ્રહ કરે છે. વક્તાઓ ય કથાને તેમની આજીવિકા બનાવી ભાવાસ્વાસ્થ્યકારક અધિક પરિમાણમાં કથા કરતા રહેતા હોવાથી તેમની ય કથામાં બહુ રુચિ નથી રહેતી. સરવાળે કથારુચિ સતત ઘટી રહી છે અને તેમાં ય વિવિધ મનોરથોના આયોજનોના આકર્ષણો ઉમેરવા પડી રહ્યા છે. જે કથા સ્વયં રુચિકર ન રહી ગઈ તે ભગવદ્રુચિ શું વધારવાની હતી?

શ્રવણકીર્તનનું ચક્કર વળી તનુવિત્તજાથી ય ખરાબ છે. તનુ-વિત્તમાં ઇતરેતરદ્વન્દ્વ હોવાથી વિત્તના સંકોચમાં ય તનુથી સેવા વ્યવસ્થિત કરી શકાય છે. પરન્તુ શ્રવણકીર્તનની જોડી હોવાથી શ્રવણમાં અન્યમાર્ગીય



ઝેર પીધું તો કીર્તનમાં તે જ તમે ઓકવાના. સ્વમાર્ગીય અમૃતનું સ્વયં કીર્તન કરશો તો કાને પણ અમૃત જ પડશે.

અસલમાં જેમ તનુવિત્તજા સ્વયં સિદ્ધિ ન હોઈ ચિત્તની સેવાપ્રવણતાના સાધન છે તેમ શ્રવણકીર્તન સ્વયં સિદ્ધિ ન હોઈને સ્મરણના સાધન છે. ભગવત્સ્મરણ ન કરાવે તેવા શ્રવણકીર્તન વ્યર્થ છે. આથી જ પંચપદ્યાનિમાં મધ્યમાધિકારી શ્રોતાની યોગ્યતા વર્ણવતા "ભગવત્સ્મૃતિવિહ્વલાઃ" કહેવાયું છે. આ સ્મરણભક્તિ કે સ્મૃતિ તે બુદ્ધિની યાદશક્તિ = મેમરી ન હોઈને મનની પ્રિયવિષયમાં પ્રવણતા છે, જે આપણા લક્ષ્ય પ્રપંચવિસ્મૃતિપૂર્વિકા ભગવદાસક્તિ તરફ દોરી જનારી છે. તેમાં એક તબક્કો એ 'ય આવી શકે કે વાચા જ હણાઈ જાય. શ્રીનંદરાયજી ઉધ્ધવજી સમક્ષ કૃષ્ણસ્મરણના પ્રસંગો કહેતા કહેતા ચૂપ થઈ ગયા ત્યારે શુકદેવજી બોલે છે "ઇતિ સંસ્મૃત્ય સંસ્મૃત્ય નન્દઃ કૃષ્ણાનુરક્તધીઃ ઉત્કણ્ઠોઽભવત્ તૂષ્ણીં પ્રેમપ્રસરવિહ્વલઃ". આ પરન્તુ આરમ્ભનો તબક્કો નથી, સિધ્ધાવસ્થા છે.

એકવાર આ ટીમસ્પીરિટથી શ્રવણકીર્તનની વાત સમજી જઈએ તો જે કેટલાક આધુનિક કથાકારો વ્યાસાસનમર્યાદાથી વિધિવિધાન અને દક્ષિણાપૂર્વક ભાગવતકથા = સ્વમાર્ગીય કથા એવું સૂત્ર ઠોકી બેસાડવાનો પ્રયાસ કરે છે તે કેવી પાયા વગરની વાત છે તે આપમેળે સમજાઈ જાય છે. આપણા ગુરુ શ્રીગોપીજનોએ જે વેણુગીત-ગોપીગીત-યુગલગીત-ભ્રમરગીત ગાયા છે તેમાં કોઈ એક કોરા વક્તા કે શ્રોતા નથી ને કોઈ વ્યાસાસન કે પોથી કે યજમાને ય નથી! વળી રોજ તેઓ સવારે દધિમંથન કરતા કરતા ભગવદ્ગુણગાન પણ કરતા ત્યારે ય વ્યાસાસન-પોથી-યજમાનાદિનો અભાવ જ રહેતો! ભગવદ્સ્મરણ પરન્તુ અકબન્ધ બન્યું રહેતું, શૂન્યોની કતાર વિનાના એકડાની માફક! શ્રીગોકુલનાથજી રાત્રિભર કુંભનદાસજી સાથે જતિપુરાથી ગોકુલ ભગવત્ચર્ચા કરતા ચાલ્યા તો તેને તેમણે મોટી ઉપલબ્ધિ માની. મને લાગે છે કે આટલું વિવરણ પર્યાપ્ત છે. રહી વાત વિધિવિધાનપૂર્વક ભાગવતપઠનની. તો તેની વ્યવસ્થા એ રીતે સમજવી કે તે મર્યાદાભક્તિમાર્ગાનુસારી પઠનસંબંધી નિયમો છે તેથી તે માર્ગના અનુયાયીઓએ તેમને અનુસરવા આવશ્યક છે; પુષ્ટિમાર્ગીઓએ નહીં. "ગા ને સહેજે તું ગા ને સહેજે ગોવિન્દ ગા ને સહેજે" દયારામભાઈ કહે છે. મર્યાદાભક્તિમાર્ગમાં વળી એ ય સંભવે છે કે રાજા પરીક્ષિત કેવળ શ્રવણભક્તિ કરે તો બલિરાજા એકાંગી આત્મનિવેદનભક્તિ કરે. પણ પુષ્ટિમાર્ગમાં તેવી એકાંગી ભક્તિ

નથી ઉપદેશી.

આ કથાકારો જાણીને આજે જલભેદ-પંચપદ્યાનિ ગ્રન્થોને વિસારે પાડવાના પ્રયાસો કરે છે પરન્તુ તે ગ્રન્થોનું સ્વારસ્ય સમજી સ્વમાર્ગીય સમાનશીલવ્યસનવાળા ભગવદીયો સાથે ટીમસ્પીરિટથી ભગવત્સ્મરણપરક શ્રવણકીર્તન કરવું જોઈએ. તેથી જ શ્રીઆચાર્યચરણ ''નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ'' ''સ્મરણં ( = ગુણગાન ) ભજનં ( = સેવા ) ચાપિ ન ત્યાજ્યમ્'' અને શ્રીગુસાંઈજી ''સદા સર્વાત્મના સેવ્યો ભગવાન્ ગોકુલેશ્વરઃ સ્મર્તવ્યો ગોપિકાવૃન્દે ક્રીડન્ વૃન્દાવને સ્થિતઃ'' આજ્ઞાઓ કરે છે.

શરણભાવન બાબતે વિચારીએ તો વિવેકધૈર્યાશ્રય અને કૃષ્ણાશ્રયમાં તેનો ઉપદેશ છે. આગળ જણાવ્યું તેમ વિવેક અને ધૈર્ય ભાષ્યશૈલીથી આપે સ્વયં રચેલ પારિભાષિક શબ્દો છે. તેનો ઉપદેશ ભગવન્માહાત્મ્યપરક છે. ભક્તિમાં માહાત્મ્ય અને તાદાત્મ્ય બંનેનો ઉપદેશ છે પરન્તુ શરણમાં કેવળ માહાત્મ્યનો ઉપદેશ અપાય છે. શરણ બાબતે રામાનુજસંપ્રદાયના શ્રીવેદાન્તદેશિકે જે વિચાર કર્યો છે તે પ્રાયઃ આપણને માન્ય છે પરન્તુ તે વિદ્યમાન હોવા છતાં જ્યારે આપે ઉપરોક્ત બે ગ્રન્થો રચ્યા તો તે સંપ્રદાયના મૌલિક = ઓરીજિનલ ગ્રન્થો હોઈ આપણે તેને નિષ્ઠાથી અનુસરવા રહ્યા.

ફલવરણબાબત તો આજકાલ કોઈ ન ખાસ વિચાર કરે છે ન વિવાદ! આગળ વધવાની જાણે તમન્ના જ નથી. હું પણ તેથી અધિક વિવેચનમાં, ખેદ સાથે, નથી પડતો.

એક વળી એવી ધારણા સંપ્રદાયમાં વ્યાપક છે કે સેવા કે ગુણગાનના સાચા/મુખ્ય અધિકારી તો વ્રજભક્તો શ્રીગોપીજનો જ છે. પણ સમજવું રહ્યું કે શ્રીઆચાર્યચરણની કૃપાથી આપણે તેથી કાંઈ અનધિકારી સિદ્ધ નથી થઈ જતા. જેમ એક નાટ્યસભાગૃહમાં ૫૦૦/- રૂ.ની ટિકીટ ધરાવનારાની માફક ૨૫/- રૂ.વાળી ટિકીટના ધારકને ય પ્રવેશ મળી શકે છે, અથવા જેમ રેલવે પ્લેટફોર્મપર ગમે તે સ્ટેશનપર્યન્ત મુસાફરી કરવાની ટિકીટ ધરાવનારને પ્રવેશ મળી શકે છે, તેમ આધુનિક પુષ્ટિસંપ્રદાયના અનુયાયીઓને સેવા-કથાધિકાર પ્રાપ્ત છે જ. ભક્તિહંસમાં શ્રીગુસાંઈજી પણ આ જ વાત સમજાવે છે.

આપ સહુ આપની સાંપ્રદાયિક દીક્ષા અને તે થકી પ્રાપ્ત અધિકારને વ્યર્થ ન જવા દો એ જ શુભકામના.